# મધ્ય ગુજરાત

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 **ગોધરા કાર્યાલય :** પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080




## સંક્ષિપ્ત સમાચાર

### સાધલી-ટિંબરવા માર્ગ પર એક ફાર્મમાં રક્તદાન કેમ્પનું આયોજન



શિનોર : ભગવાન સ્વામીનારાયણ દ્વારા ધોલેરામાં શ્રી મદનમોહનજી મહારાજની સ્થાપના કરવામાં આવી હતી. આ સ્થાપનાને ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં હોય તેના ઉપક્રમે પરમ પૂજ્ય ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્ર પ્રસાદજી મહારાજની આજ્ઞા અને આશીર્વાદથી દેશ-વિદેશમાં વસતા ભક્તો દ્વારા અનેક ધાર્મિક ઉત્સવો, અનુષ્ઠાનો તેમજ માનવસેવા કાર્યોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેના ભાગરૂપે તા. ૨૨ ફેબ્રુઆરી, રવિવારના રોજ આંતરરાષ્ટ્રીય મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે શિનોર તાલુકાના સાધલી-ટિંબરવા માર્ગ પર આવેલ રાજગોર ફાર્મ ખાતે શ્રી સ્વામીનારાયણ ગાદી ટ્રસ્ટ વડતાલ SVG દ્વારા ધ્વનિ બ્લડ સેન્ટર વડોદરાના સહયોગથી મહા રક્તદાન કેમ્પ યોજાયો હતો. જેમાં હરિભક્તો અને શ્રદ્ધાળુઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રક્તદાન કર્યું હતું.

### કાલોલ કાછીયા પટેલ સમાજની વાડીમાં મહારક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો




કાલોલ : ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્થાપીત શ્રી મદનમોહન મહારાજ ધોલેરા ના સ્થાપનાના દ્વીશતાબ્દી વર્ષના ઉપક્રમે વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ના પીઠાધીશ્વર પ.પૂ.સ.ધ.ધુ ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ અને આજ્ઞા થી કેન્સર પીડિત અને થેલેસેમીયાગ્રસ્ત દર્દીઓના લાભાર્થે કાલોલની કાછીયા પટેલ સમાજની વાડીમાં કાલોલ કાછીયાવાડ યુવક મંડળ તેમજ લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ દ્વારા મહારક્તદાન કેમ્પ નુ આયોજન ઈન્દુ બ્લડ સેન્ટરના સહયોગ થી કરવામાં આવ્યુ હતુ જેમાં કુલ ૭૭ યુનિટ બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતુ.

### રાજ્ય બહારના કામદારની નોંધણી ન કરાવતા મધવાસની મુવાડી ખાતે કંપની સામે કાર્યવાહી




કાલોલ : એસઓજી પોલીસ સ્ટેશનનો સ્ટાફ કાલોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન નાના-મોટા ઔદ્યોગિક એકમોમાં રાજ્ય બહારના કામદારોને કામે રાખવામાં આવ્યા છે કે નહીં અને તેમની સ્થાનિક પોલીસ મથકે નોંધણી કરાવવામાં આવી છે કે નહીં તેની તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન મધવાસની મુવાડી વિસ્તારમાં આવેલી એ.આર. એન્ટરપ્રાઇઝ નામની કંપનીમાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે પ્રમોદકુમાર રામાસરય રાજભર, મૂળ રહેવાસી બરીયાપુર, જિલ્લો દેવરીયા (ઉત્તર પ્રદેશ), છેલ્લા અંદાજે 20 દિવસથી આ કંપનીમાં મજૂરી કામ માટે કાર્યરત છે. આ કામદારને કંપનીના સંચાલક આબીદઅલી જુમરાતીમિયા અન્સારી દ્વારા કામે રાખવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું હતું. આથી એસઓજી પોલીસે સંચાલક આબીદઅલી જુમરાતીમિયા અન્સારી વિરુદ્ધ જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા ભંગ બદલ કાલોલ પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પાદરા ખાતે ધર્મકૂળ આશ્રિત સત્સંગ સમાજ દ્વારા મહારક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો

પાદરા : પાદરા ખાતે ધર્મકૂળ આશ્રિત સત્સંગ સમાજ દ્વારા માનવસેવા લક્ષી આંતરરાષ્ટ્રીય મહા રક્તદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સતત ત્રીજા વર્ષે યોજાયેલા આ રક્તદાન શિબિરમાં મોટી સંખ્યામાં સ્વૈચ્છિક રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને સમાજ સેવા નો ઉત્તમ સંદેશ આપ્યો હતો. ભગવાન શ્રી સ્વામીનારાયણે ધોલેરામાં શ્રી મદનમોહનજી મહારાજની સ્થાપના કરી તેના ૨૦૦ વર્ષ પૂર્ણ થવાના પાવન અવસરે અજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી દેશ-વિદેશમાં વસતા ભક્તો દ્વારા ધાર્મિક ઉત્સવો સાથે માનવસેવાના વિવિધ કાર્યો કરવામાં આવી રહ્યા છે. તેના ભાગરૂપે આજરોજ વિશ્વના ૭ દેશો તેમજ ભારતના અનેક રાજ્ય, જિલ્લાઓ અને તાલુકા કેન્દ્રો પર એકસાથે મહા રક્તદાન કેમ્પ યોજાયો હતો. તે અંતર્ગત પાદરા સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાયેલ રક્તદાન શિબિરનો પ્રારંભ દીપ પ્રગટાવી કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં પાદરા સંતરામ મંદિરના મહંત મોહનદાસજી મહારાજ, નગરપાલિકાના સદસ્યો, અગ્રણી આગેવાનો તેમજ હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. શિબિરમાં હરિભક્તો, મહિલાઓ અને યુવાનો સહિત મોટી સંખ્યામાં સ્વૈચ્છિક રક્તદાતાઓએ રક્તદાન કરીને માનવસેવાનું પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

**વિપુલ મંડોડને ખોટી રીતે પકડી કસ્ટડીમાં ક્રિકેટ બેટ વડે માર માર્યાનો પત્નીનો આરોપ**

# ગરબાડા પોલીસ પર દબંગગીરીના આક્ષેપ, યુવકને ક્રિકેટ બેટથી માર્યો

ઈજાગ્રસ્ત પતિ હોસ્પિટલમાં દાખલ, ન્યાય માટે પરિજનોની એસપી સમક્ષ રજૂઆત



(પ્રતિનિધિ) વડોદરા, તા.22

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં પોલીસની કામગીરી સામે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. ગરબાડા પોલીસ મથકના ત્રણ પોલીસ કર્મચારીઓએ વિપુલ મંડોડ નામના વ્યક્તિને ખોટી રીતે ઘરેથી પકડી લઈ જઈ કસ્ટડીમાં બેટ વડે માર માર્યો હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. આ મામલે પીડિતના પરિવારજનો દ્વારા દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષકને લેખિત રજૂઆત કરી દોષિત પોલીસ કર્મચારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.ગરબાડા તાલુકાના બારી ફળિયા, મુ. ગુલબાર ખાતે રહેતા વિપુલભાઈ મંડોડને ગત તા. 20 ફેબ્રુઆરીના રોજ સવારે ગરબાડા પોલીસના કર્મચારીઓ ખાનગી ફોર વ્હીલર વાહનમાં ઘરે આવી પકડી ગયા હતા. પત્ની કમીલાબેનના જણાવ્યા મુજબ, કોઈ ગુનાની સ્પષ્ટ માહિતી આપ્યા વગર વિપુલભાઈને પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા અને આખો દિવસ ત્યાં બેસાડી રાખવામાં આવ્યા હતા. સાંજે કસ્ટડીમાંથી બહાર કાઢી અલગ રૂમમાં લઈ જઈ લાઈટો બંધ કરી પોલીસ કર્મચારીઓ જયદીપભાઈ, અતુલભાઈ તથા અન્ય એક કર્મચારી દ્વારા ક્રિકેટ બેટથી બંને પગમાં અંદાજે 40 જેટલા ફટકા મારવામાં આવ્યા હતા. માથાના વાળ ખેંચી દિવાલ સાથે માથું અથડાવવામાં આવ્યું હતું તેમજ પેટમાં લાતો મારી ગંભીર ઈજા પહોંચાડ્યાનો આક્ષેપ છે. બાદમાં જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો પણ પરિવારજનોનો આરોપ છે. બીજા દિવસે જામીન બાદ વિપુલભાઈના બંને પગોમાં ભારે સોજો અને માથામાં દુખાવો થતા તેમને દાહોદની સૈફી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં એક્સ-રે અને સીટી સ્કેન કરાયા છે અને હાલ તેઓ સારવાર હેઠળ છે. આ સમગ્ર મામલે પરિવારજનો દ્વારા ગરબાડા પોલીસ મથકના જયદીપ, અતુલ સહિત અન્ય એક પોલીસ કર્મચારી સામે તપાસ કરી કડક કાર્યવાહી કરવાની માંગ સાથે જિલ્લા પોલીસ અધિક્ષકને રજૂઆત કરાઈ છે.

**પોલીસનો પક્ષ, અમે માર માર્યો નથી**

"ઈજાગ્રસ્તે કરેલા આક્ષેપો તદ્દન ખોટા છે. હાલ સમગ્ર મામલે તપાસ ચાલી રહી છે. પોલીસે માત્ર અટકાયતી પગલા લીધા છે. કોઈ મારામારી થઈ નથી. જવાબ લખાવવા માટે તેને બોલાવવામાં આવ્યો હતો, પરંતુ તે હાજર થયો નથી. એલીગેશન કરીને હોસ્પિટલ પહોંચ્યો છે. ડોક્ટર સાથે પણ વાત થઈ છે, એવું કશું થયું નથી."


–**મનોજ સ્વામી**, ડીવાયએસપી, દાહોદ

### પાદરાના હરણમાળ ગામે બાઈક ટક્કરે બાળકને ઈજા

પાદરા : પાદરા તાલુકાના હરણમાળ, મોરી વગામાં ફરીયાદી જિતેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ મોરી (પરમાર)ના ઘરનાં આંગણામાં આવેલ કાચા રસ્તા પર તેમનો દિકરો જીયાનકુમાર (ઉ.વ. અઢી વર્ષ) રમતો હતો. તે દરમિયાન ફળીયામાં રહેતા આરોપી અમરસિંગભાઈ ભીખાભાઈ મોરીએ પોતાના કબ્જાની હીરો હોન્ડા સુપર સ્પ્લેન્ડર મોટરસાયકલ ભયજનક અને પુરઝડપે ગફલતભરી રીતે હંકારી લાવી બાળકને ટક્કર મારી હતી. ટક્કર લાગતા બાળક જમીન પર પડી જતા માથાના પાછળના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત બાળકને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે વડુ પોલીસ સ્ટેશન એમ.વી. એક્ટ કલમ હેઠળ ગુનો નોંધાતા વડું પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરાઈ છે.

**હિંદુ સમાજની એકતા અને સમરસતા માટે હુંકાર**

## કાલોલમાં યોજાનારા વિરાટ હિંદુ સંમેલન માટે તડામાર તૈયારીઓ




(પ્રતિનિધિ) કાલોલ તા.22

ભારતભરમાં હિંદુ સમાજની એકતા મજબૂત બને અને સમાજમાં સમરસતાનો ભાવ જાગૃત થાય તે હેતુસર વિવિધ સ્થળોએ હિંદુ સંમેલનો યોજાઈ રહ્યા છે. આ જ કડીમાં કાલોલ ખાતે પણ વિરાટ હિંદુ સંમેલન યોજવા માટે તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.તા. 25-02-2026 (બુધવાર) ના રોજ મહાલક્ષ્મી ચોક ખાતે સાંજે 5:00 કલાકે યોજાનાર આ વિરાટ હિંદુ સંમેલનમાં વિશેષ ઉપસ્થિતિ તરીકે કાલોલ ગોવર્ધનનાથજી મંદિરના ગાદીપતિ પુ.પા. ગો.108 શ્રી અભિષેકલાલજી મહારાજ ઉપસ્થિત રહેશે. જ્યારે મુખ્ય વક્તા તરીકે સનાતન હિંદુ અને સાંસ્કૃતિક વક્તા મીનાક્ષીબેન સેરહાવતજી (હરિયાણા) સંબોધન આપશે. આ સંમેલન પૂર્વે બપોરે 4:00 કલાકે પ્રયાગ ચોક સ્થિત રામજી મંદિર (મોટા મંદિર પાસેથી) કળશ યાત્રા નીકળશે, જે વિવિધ માર્ગો પરથી પસાર થઈ સાંજે 5:00 કલાકે મહાલક્ષ્મી ચોક ખાતે પહોંચશે. ત્યારબાદ વિરાટ હિંદુ સંમેલનનું આયોજન કરવામાં આવશે.આ સંમેલન દ્વારા હિંદુ સમાજમાં એકતા, સંસ્કૃતિ અને સમરસતાનો સંદેશ પ્રસરાવવાનો હેતુ રાખવામાં આવ્યો છે. સ્થાનિક હિંદુ સંગઠનો તથા સમાજના આગેવાનો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા માટે જોરદાર તૈયારીઓ હાથ ધરાઈ રહી છે.

### જબુગામ દશાલાડ સમાજ વડોદરા દ્વારા ફૂલફાગ મહોત્સવ ઉજવવામાં આવ્યો



(પ્રતિનિધિ) બોડેલી, તા.22

જબુગામ દશાલાડ સમાજ, વડોદરા દ્વારા પરંપરા,સ્નેહ, સહકાર , ભક્તિ અને સમાજ એકતાનો અનોખો સમન્વય દર્શાવતો પવિત્ર હોળી રસિયા સંગ ફૂલફાગ મહોત્સવ ભવ્ય અને ભાવભીનાં વાતાવરણમાં યોજાયો હતો. આ પાવન પ્રસંગે શ્રીમદ વલ્લભાચાર્ય મહાપ્રભુ દ્વારા પ્રસ્થાપિત શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગની પરંપરાની પાવનતા વચ્ચે કાંકરોલી નરેશ ગોસ્વામી ડૉ. શ્રીવાગીશકુમાર મહારાજશ્રીની મંગલ ઉપસ્થિતિ સમગ્ર કાર્યક્રમને આધ્યાત્મિક સુગંધથી મહેકાવી ઉર્જાથી ઓતપ્રોત બનાવી દીધો હતો.

**શહેરા તાલુકાના ઉમરપુર ગામમાં શોકનો માહોલ, સસરાની હાલત ગંભીર**

## સસરાનો જીવ બચાવવા જતાં પુત્રવધૂનું વીજ કરંટથી કરુણ મોત

(પ્રતિનિધિ) ગોધરા, તા.22

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ઉમરપુર ગામે અત્યંત હૃદયદ્રાવક અને ગમગીન ઘટના બની, જેમાં પોતાના સસરાને વીજ કરંટમાંથી ઉગારવા જતાં 40 વર્ષીય પુત્રવધૂનું કરૂણ મોત નીપજ્યું છે. ગામના રહેવાસી રયજીભાઈ રવિવારે વહેલી સવારે પોતાના ઘર નજીક દાતણ તોડી રહ્યા હતા, તે સમયે ઘર પાસેથી પસાર થતી હાઈટેન્શન વીજ લાઈન ખૂબ નજીક હોવાથી અચાનક તેમનો હાથ વાયરને અડી ગયો હતો. પ્રચંડ વીજ કરંટ લાગવાને કારણે રયજીભાઈ જમીન પર પટકાઈને તરફડવા લાગ્યા હતા. આ દૃશ્ય જોતા જ



તેમની પુત્રવધૂ સુશીલાબેન એક પણ ક્ષણનો વિલંબ કર્યા વગર સસરાને બચાવવા માટે દોડી આવ્યા હતા. તેમણે રયજીભાઈને વાયરથી દૂર ખેંચવાનો પ્રયાસ કર્યો, પરંતુ કરંટનો પ્રવાહ એટલો જોરદાર હતો કે સુશીલાબેન પોતે પણ તેની ઝપેટમાં આવી ગયા હતા. ગામલોકોએ તાત્કાલિક લાકડાં અને અન્ય વસ્તુઓની મદદથી બંનેને કરંટથી અલગ કર્યા હતા અને સારવાર માટે નજીકની હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ સુશીલાબેનને મૃત જાહેર કર્યા હતા. બીજી તરફ, ગંભીર રીતે દાઝી ગયેલા રયજીભાઈ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બે બાળકોની માતા અને પરિવારની આધારસ્તંભ ગણાતી સુશીલાબેનના અચાનક નિધનથી પરિવાર પર આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે અને સમગ્ર ઉમરપુર ગામમાં શોકની લહેર ફરી વળી છે. અંતિમવિધિમાં મોટી સંખ્યામાં ઉમટી પડેલા ગ્રામજનોએ આ બહાદુર મહિલાને ભીની આંખે શ્રદ્ધાંજલિ અર્પી હતી.

**૩૫૦ કિલો ફૂલોથી રમાઈ દિવ્ય હોળી**

## પાદરા બેઠક મહાપ્રભુજી મંદિરે વૈષ્ણવ યુવા સંગઠન દ્વારા ભવ્ય ફાગોત્સવ ઉજવાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.22

પાદરા બેઠક મહાપ્રભુજી મંદિરે વૈષ્ણવ યુવા સંગઠન દ્વારા ભવ્ય ફાગોત્સવ, ૩૫૦ કિલો ફૂલોથી રમાઈ દિવ્ય હોળી. પાદરા ખાતે વૈષ્ણવ યુવા સંગઠન (વિપો શાખા) દ્વારા હોળી રસિયા ફાગોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, કાર્યક્રમ દરમિયાન આશરે ૩૫૦ કિલો જેટલી વિવિધ ફૂલોની પાંખડીઓ સાથે વૈષ્ણવજનોએ ભાવભીની ફૂલ હોળી રમીને અનોખો ધાર્મિક માહોલ સર્જ્યો હતો. બેઠક મહાપ્રભુજી મંદિર પ્રાંગણમાં યોજાયેલા આ ફાગોત્સવની શરૂઆત મહારાજશ્રીએ શ્રી મહાપ્રભુજીના સ્વરૂપને માળાજી અર્પણ કરી કરી હતી. ત્યારબાદ મંદિર ખાતે સંધ્યા દર્શન અને મહા આરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તોએ ભાવપૂર્વક લાભ લીધો હતો. આ પ્રસંગે મહારાજએ પાદરા તાલુકાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાને ઓપરનું પહેરાવી સન્માનિત કર્યા હતા. સાથે સાથે હોળી રસિયા ફાગોત્સવના મનોરથીઓ અને આયોજનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર માસિક બચત ગ્રુપના કાર્યકરોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પાદરાના અગ્રણી વેપારીઓ સૂર્યકાંત ચોકસી, ઘનશ્યામભાઈ ઠક્કર, નગરપાલિકા માજી પ્રમુખ પરેશ ગાંધી, સદસ્યો બ્રિજેશ પટેલ, સંતોષ પટેલ તેમજ રાજકીય અને સામાજિક આગેવાનો અને વૈષ્ણવજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**ગત તા.12મી ફેબ્રુઆરીના રોજ અનાજ ઓછુ આપતા હોબાળો મચ્યો હતો**

## સિંગવડના ચુંદડી રોડ સસ્તા અનાજની દુકાનમાં થયેલી મારામારી અંગે દુકાન માલિક સામે ફરિયાદ

ગ્રાહકે દુકાન માલિકને ઠપકો આપતા માલિકે ગ્રાહકને મા-બેન સામે ગાળો ભાંડી ખુરશી છુટ્ટી મારી હતી

(પ્રતિનિધિ) સિંગવડ, તા.2

સીંગવડના ચુંદડી રોડ પર થોડાક સમય પહેલા સરકારી અનાજ દુકાનદાર દ્વારા એક કાર્ડ ધારક ને અનાજ ઓછું આપતા તેના માટે કાર્ડ ધારક દ્વારા તેની કુપન માંગતા તે દુકાનદાર દ્વારા રેશનકાર્ડ ધારક ને ગાળો બોલીને તેને ગડદા પાટુનો માર મારવામાં આવ્યો હતો.

સિંગવડ તાલુકાના સિંગવડ નગરના ચુંદડી રોડ પર આવેલા સસ્તા અનાજની દુકાને બોરગોટા ગામના મહેન્દ્રભાઈ રયલાભાઈ વાખળા અનાજ લેવા માટે ગયેલા ત્યારે દુકાનદાર ડાયરા મોહનભાઈ બળવંતભાઈ દ્વારા અનાજ ઓછું આપતા હોય જેથી વાખલા મહેન્દ્રભાઈ દ્વારા જે અનાજ આપ્યું તેની પાવતી માંગતા આરોપી મોહનભાઈ બળવંતભાઈ ડાયરા દ્વારા મહેન્દ્રભાઈ ને અપ શબ્દો બોલ્યા હતા અને જ્યારે મહેન્દ્રભાઈ દ્વારા મોહનભાઈને અપ શબ્દો બોલવા ના પાડતા કામના આરોપી મોહનભાઈ દ્વારા દુકાનમાંથી બહાર આવી ફરિયાદીના મા બેન સમાણી ગાળો બોલી થપ્પડ મારી તેમજ પ્લાસ્ટિકની ખુરશી મારી અને ગઢડા પાટુ નો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી જ્યારે આ બનાવ 12 2 2026 ના રોજ બન્યો હતો જ્યારે ફરીયાદી મહેન્દ્રભાઈ વાખલા દ્વારા 21 2 2026 ના રોજ રંધીપુર પોલીસ સ્ટેશન ખાતે આવીને ફરિયાદ લખાવી હતી અને સાથે વીડિયો ના પુરાવા પણ આપ્યા હતા જ્યારે રણધીપુર પોલીસ દ્વારા આ ફરિયાદીના અરજીને ધ્યાનમાં લઈ કલમ 115 2( 296 (બી) 351) 3 મુજબ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી

### જુના બારીયા ગામેથી દેશી તમંચો-જીવતા કારતુસ સાથે એક ઝડપાયો



દેવગઢબારીયા : દેવગઢ બારીયા પોલીસની મોટી કાર્યવાહી જુના બારીયા ગામેથી દેશી તમંચો અને જીવતા કારતુસ સાથે આરોપી ઝડપાયો હતો. જેમાં બનાવની દેવગઢ બારીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ જુના બારીયા ગામેથી દેશી હાથ બનાવટનો તમંચો અને જીવતા કારતુસ નંગ-૦૫ સાથે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ગેરકાયદેસર હથિયાર રાખવાના ગુનામાં દેવગઢ બારીયા પોલીસે આરોપીને ઝડપી પાડી તમંચો અને પાંચ જીવતા કારતુસ કબજે કર્યા છે.

**26 યુગલોએ સંસાર જીવનના ડગ માંડ્યા**

## કોસીંદ્રા ખાતે રાજપૂત સમાજનો 23મો સમૂહ લગ્ન મહોત્સવ સંપન્ન

(પ્રતિનિધિ) બોડેલી, તા.22

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના કોસીંદ્રા ગામે જોવા મળ્યું હતું. અહીં સ્થિત ભારત સિંહ સોલંકી સેવા ઉધાન (રાજપૂત સમાજની વાડી) ખાતે રાજપૂત સમાજનો ત્રેવીસમોં સમૂહ લગ્ન મહોત્સવ ભવ્યતા અને ધાર્મિક ભાવનાથી યોજાયો, જેમાં 26 નવ દંપતીઓએ વૈદિક વિધિ મુજબ નવા જીવનમાં પ્રવેશ કર્યો. સમૂહ લગ્ન માત્ર વિધિ પૂરતું આયોજન ન રહી, પરંતુ સમાજમાં સમાનતા, સહયોગ અને સંસ્કાર જાળવવાનો સશક્ત સંદેશ આપતો કાર્યક્રમ સાબિત થયો. ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો પર લગ્નનો આર્થિક



બોજ ઘટાડવો, અનાવશ્યક ખર્ચને રોકવો અને પરંપરાગત રીતરિવાજોને સરળ રીતે જાળવી રાખવા જેવા હેતુઓ સાથે આ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય આયોજક અને વડોદરા શહેરની અગ્રણી દૂધ સંસ્થા બરોડા ડેરીના ઉપપ્રમુખ જી.બી. સોલંકી રહ્યા હતા. કાર્યક્રમના કન્વીનર તરીકે ગોપાલ ચૌહાણે આયોજનની સંપૂર્ણ જવાબદારી સંભાળી હતી.

**આર્થિક ભીડના કારણે ઘર-પરિવાર ચલાવવો મુશ્કેલ**

## સિંગવડ તાલુકાના તલાટીઓ જાન્યુઆરીના પગારથી વંચિત

(પ્રતિનિધિ) સિંગવડ, તા.22

સિંગવડ તાલુકાના તલાટી કમ મંત્રીઓ સિવાય તાલુકામાં નોકરી કરતા તમામ કર્મચારીઓ નો પગાર કરી દેવામાં આવ્યો છે જ્યારે તલાટી કમ મંત્રીઓ સરકારની તમામ રૂટિંગ કામ કરતા હોય છે અને સરકારી કર્મચારીઓ હોય જ્યારે સરકારશ્રી દ્વારા કરેલ વિકાસના કામોનો અમલીકરણ ગ્રામ્ય લેવલથી તલાટી કમ મંત્રી કરતા હોય છે છતાં તે પગારથી વંચિત રહ્યા છે જ્યારે સરકાર દ્વારા તલાટી પાસેથી જે માહિતી માંગવામાં આવે છે તે તમામ માહિતીઓની પૂર્તતા કરવામાં આવ્યા છતાં તલાટી કમ મંત્રીઓનો પગાર જાન્યુઆરી માસનો બાકી રાખવામાં આવ્યો છે જ્યારે ફેબ્રુઆરી માસ પણ પૂર્ણ થવા આવ્યો ત્યાર સુધી પગાર કરવામાં આવ્યો નથી જ્યારે ઘણા ખરા તલાટી કમ મંત્રીઓ પગાર પર ચાલતા હોય છે અને તેમના ઘણા ખરા લોનના હપ્તા પણ ભરવા પડતા હોય પરંતુ તેમનો પગાર અટકાવી દેતા તે લોનના હપ્તા ભરવા માથી ભૂલે પડ્યા છે જ્યારે જાન્યુઆરી મહિનાનો પગાર ફેબ્રુઆરી મહિનાની 20 તારીખ થવા આવ્યા ત્યાં સુધી નહીં થવા છતાં પગાર કરવામાં સરકારી કર્મચારી દ્વારા ધાંધિયા કરવામાં આવ્યા છે જ્યારે ઉપર સરકારમાંથી તલાટી કમ મંત્રીનો માટે પગાર કરવા માટે ગ્રાન્ટ નથી કે પછી વહાલા દવલા ની નીતિ છે તે ચર્ચાનો વિષય બનવા પામ્યો છે સિંગવડ તાલુકાના તલાટી કમ મંત્રીઓનો વહેલી તકે પગાર થાય તો તેમના પડતર કામો પૂર્ણ કરી શકાય તેમ છે

**સારંગપુર જવા માટે જે બસની માંગણી સંતોષાઇ**

## સાંસદ જશવંતસિંહ ભાભોરની રજૂઆતને પગલે ઝાલોદ ડીવીઝન દ્વારા બસ સેવા શરૂ કરાઈ

(પ્રતિનિધિ) સિંગવડ, તા.22

થોડાક સમય પહેલા દાહોદ સાંસદ જશવંતસિંહ ભાભોરને લોકો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે સારંગપુર જવા માટે બસની સુવિધા સિંગવડ થી મળે તો સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા એસટી વિભાગના અધિકારીઓને બોલાવીને બસ માટે ચર્ચા કરીને વહેલી તકે સિંગવડ થી એક બસ સારંગપુર જાય તેવું ગોઠવવા જણાવ્યું હતું. જ્યારે એસટી વિભાગના કર્મચારીઓ દ્વારા ઝાલોદ ડેપોમાંથી સવારે આઠ વાગે ઉપડી સંજેલી સિંગવડ પીપલોદ ગોધરા ડાકોર નડિયાદ ખેડા અમરેલી ધંધુકા સારંગપુર થઈને ચલાલાની નવી બસ ચાલુ કરવામાં આવી હતી જ્યારે આજ બસ બીજા દિવસે સવારે સાત વાગે ચલાલા થી ઉપડીને



બપોરના 11 થી 12:00 વાગ્યાના સમયે સારંગપુર આવી જાય છે તે મુસાફર દર્શન કરીને આ જ બસમાં પરત પણ આવી શકે છે જ્યારે બસમાં બેસીને સારંગપુર હનુમાનજી મંદિરે દર્શન કરવા જવા માટે લીમખેડા પીપલોદ સુધી જવું પડતું હતું તેને હવે સિંગવડ નગરમાંથી સવારે 9:00 થી 09:30ની વચ્ચે આ બસ મળી જશે અને તે ડાકોર તથા સારંગપુરના હનુમાનજીના દર્શન કરી શકશે.